ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નિયમ બતાવે ઈ સાહેબનું કામ બદલી નાખો!*
*અનુકૂળ ન્હોય તો પોલીસનું ગામ બદલી નાખો!*
*'રામ' બદલી નાખો મંદિરનો મુદ્દો ઘસાયા પછી -*
*'સહિષ્ણુતા'માં વેલેન્ટાઈનનું નામ બદલી નાખો!!*

### હાઈકુ

*ધનપ્રભાવે*
*ક્રિકેટના બજારે*
*વેંચાય 'વીર...'*
*(ગરજની ગુલામી)*

*મેક ઈન્ડિયા,*
*ચણો વાગે છે ઘણો -*
*બનાવે મૂર્ખ...*
*(-મિત્તલ, ઉદ્યોગપતિ)*

### ચિંતન

**સુખં ચ દુખં ચ ભવાભવૌ ચ લાભા-લાભૌ મરણં-જીવિતં ચ ।**
**પર્યાયશઃ સર્વમેતે સ્પૃશન્તિ તસ્માદ્ધીરો ન ચ હૃષ્યેન્ન શોચતે ॥**

શ્રી વિદુરજી, ધૃતરાષ્ટ્રને જીવન પ્રત્યે સમત્ત્વની દૃષ્ટિ કેળવવા સમજાવે છે સ્વાર્થ ખાતર આ દ્વંદ્વની જાળમાં ફસાઈ ન જવું જોઈએ :

સુખ-દુઃખ, જન્મ-મરણ, સર્જન-વિનાશ, લાભ-હાનિ, તંદુરસ્તી-રોગ આ બધું એક પછી એક કર્મયોગ પ્રમાણે, ક્રમાનુસાર જીવનમાં આવ્યા જ કરે છે આવા દ્વંદ્વ પ્રત્યે સ્વાર્થ અને મોહને કારણે ખેંચાઈ જઈ હરખ-શોક ન કરવો પરંતુ 'સમદૃષ્ટિ' બંને તરફ સમાનતાથી જોવું જોઈએ - ગીતામાં આ દૃષ્ટિ કેળવનારને તટસ્થ - 'સ્થિતપ્રજ્ઞ' કહેવામાં આવ્યા છે.

કૌરવો - ખાસ કરીને દુર્યોધન પણ હવે ધૃતરાષ્ટ્રના કહ્યામાં રહ્યો નથી ત્યારે વ્યથિત થયેલા ધૃતરાષ્ટ્રને વિદુરજી આ પ્રમાણે 'સ્થિતપ્રજ્ઞતા' કેળવવાની સલાહ આપે છે.

### સુવિચાર

- જે લોકો કર્તવ્ય કરતાં અધિકાર પર વધુ જોર દે છે
  તે સ્વાર્થી, દંભી અને આત્મકેન્દ્રી હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસે પોતાના ગુણોથી આગળ વધવાનું છે, નહીં કે કોઈની કૃપાથી - **લોકમાન્ય તિલક**
- માણસને પશુથી અલગ પાડતી બાબત કઈ?? એક જ છે તે છે 'આર્થિક ચિંતાઓ' - **માનસસૂત્ર**
- સહુ કોઈ સજ્જન બને, સજ્જનો સક્રિય બને અને સક્રિય બનેલા સજ્જનો સંગઠિત બને તો
  ઘણી સમસ્યાઓ સરળતાથી ઉકલી જાય - **અખંડ આનંદ**
- સુખ ભીતરમાં જ છે, બહાર નહિ,
  માટે બાહ્ય પદાર્થનું વિસ્મરણ કરો, આશ્ચર્ય ભૂલો - **શ્રીમદ્ રાજચંદ્ર**
- અપરિગ્રહ એટલે જે વસ્તુની આપણને આજે જરુર નથી એનો સંગ્રહ ન કરવો - **ગાંધીજી**
- **આજનું ઔષધ :** દાગી ગયેલા ભાગ પર ઈંડાની સફેદ જર્દી અને ગ્લીસરીન સરખા ભાગે લઈ હળવે હાથે લગાવવાથી બળતરામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

જે તટસ્થ, નિર્દોષ, નિખાલસ અને ન્યાયનિષ્ઠ હોય તે જ 'જજ' - ન્યાયાલયના આસન પર બેસી સાચો ન્યાય આપી શકે, કપટી, દંભી, લાલચીને ન્યાયાસન પર બેસવાનો અધિકાર નથી.

ગોવાળિયા રમતાં રમતાં ઝઘડી પડ્યા. એક છોકરાઓ પથ્થર પર બેસી સાથો ન્યાય કરી આપ્યો. પછી તો ગામમાં કંઈ પણ કંકાસ થાય લોકો આ ગોવાળ પાસે આવે અને છોકરો એ પથ્થર પર બેસી સરખો ન્યાય કરે.

રાજાને ખબર પડી. એ પથ્થરનો ચમત્કાર શોધવા ખોદકામ કરાવ્યું તો બરાબર એ પથ્થર નીચેની ન્યાયનિષ્ઠ રાજા વિક્રમાદિત્યનું આસન ન્યાય-સિંહાસન નિકળ્યું.

રાજાએ એને પોતાના દરબારમાં સ્થાપિત કર્યું અને એ ન્યાયાસન પર બેસવા જ જતો હતો ત્યાં આસન પર બિરાજમાન દેવદૂતની મૂર્તિ નીકળી ને રાજાને પુછ્યું, તું ન્યાયનિષ્ઠ-નિર્દોષ-પવિત્ર પેલા ગોવાળ છોકરા જેટલો જ નિર્દોષ છો?

રાજાએ કહ્યું, ના, મેં ઘણા પક્ષપાત કરી ખોટી કલીનચીટો આપી છે, પ્રમોશન માટે ખોટા ચુકાદા આપ્યા છે. દેવદૂત સિંહાસન લઈ આકાશમાં ઉડી ગયો.

## વીર શહિદને સલામ

### તંત્રીસ્થાનેથી...

સિયાચીનની હાડ થીજવી નાખતી ઠંડીમાં દેશની સરહદને પહોરો ભરતા ભારતીય સેનાના જવાનો માનવ જાતના ઈતિહાસની એક અજાયબી છે. માઈનસ પચાસ ડિગ્રી ઉષ્ણતામાન ધરાવતાં આ બરફીલાં શિખરો પર બરફનાં ઈગ્લુ બનાવી એમાં તમામ પ્રકારની હાડમારીઓ વચ્ચે જીવતા આપણા જવાનો ક્યારેક બરફના તોફાનોમાં સપડાઈ જતા હોય છે. આવી જ એક દુર્ઘટનામાં ભારતીય સેનાના દસ જવાનો બરફના ઢગ નીચે દટાઈ ગયા હતા. એ પૈકીના એક મૂળે ધારવાડ જિલ્લાના હનુમંથપ્પા નામના બાહોશ જવાનને છ દિવસ પછી બેહોશ છતાં જીવંત હાલતમાં ૩૫ ફૂટ બરફના ઉકરડા નીચેથી શોધી કાઢીને સેનાએ ચમત્કાર સર્જ્યો હતો. આટલો લાંબો વખત આટલા બરફ તરળે જિંદગી કઈ રીતે બચી હશે તે તબીબો માટે પણ કોયડો હતો. હનુમંથપ્પાના બાકીના સાથીઓનાં શબ મળ્યાં હતાં જયારે આ એક જ સૈનિકના શ્વાસ છ દિવસ સુધી બરફના પહાડ તળે દટાયા છતાં ધીમી ગતિએ ચાલતા જોઈ દુનિયાએ મોંમાં આંગળાં ઘાલી દીધાં હતા હાઈપોથર્મીયા જેવી કટોકટી ભરી સ્થિતિમાં એ બહાદુર સૈનિકને તાબડતોબ તમામ અદ્યતન તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી બચાવી લેવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છતાં એમનો જીવનદીપ બુઝાઈ ગયો છે, તેથી દેશના રાષ્ટ્રપ્રેમી નાગરિકો શોકમાં ગરકાવ થઈ જાય તે સ્વાભાવિક છે. પ્રતિકુળ સંજોગો વચ્ચે ઝઝૂમી જિંદગીનો શ્વાસતંતુ તૂટવા નહીં દેનાર હનુમંથપ્પા દેશ અને દુનિયા માટે એક દંતકથા બની ગયા છે. એમની જીવનરક્ષા માટે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનથી માંડી અદના છેવાડાના માનવીના હૈયે દુઆ ગુજારી હતી. ઘણી જગ્યાઓ પર હવન થયા હતા, મંદિરોમાં પ્રાર્થનાઓ યોજાઈ હતી. એક રોલ મોડેલ મહાનાયકની ઊંચાઈએ પહોંચી ગયેલા આ બહાદુર જવાનનું શરીર ન્યુમોનિયા અને કિડની, મગજ તથા લિવર જેવા વિવિદ અંગો મૃત્યુને હંફાવનારા માનવી તરીકે એમનું નામ ઈતિહાસમાં અમર થઈ ગયું છે. એમને જીવતા રાખવા માટે દેશના અનેક નાગરિકોએ પોતાનાં અંગો ડોનેટ કરવાની તૈયારી દર્શાવી હતી તે કેવો દેશપ્રેમ સૂચવે છે! હનુમંથપ્પાનું શરીર એમનો સાથ છોડી ગયું છે, પરંતુ જિજીવિષા નામની જડીબુટ્ટી વહેંચીને એ મહાન સૈનિકો હજારો-લાખો હૈયામાં હંમેશને માટે એક અખંડ જયોત જલાવી છે. રાષ્ટ્ર તરફથી એમનું ઉચિત સમ્માન થશે, એમાં શંકાને સ્થાન નથી, સદીના મહાનાયકોની યાદીમાં એક અદના સૈનિકનું નામ ઉમેરાઈ ગયું, એ ગૌરવ ઘટનાનું સ્મરણ કરીને દેશની પ્રજા અને જાંબાઝ જવાનો દાયકાઓ સુધી પ્રેરણા લેતા રહેશે. બીજી તરફ, સિયાચીન જેવી જોખમી જગ્યાઓ પર નવલોહિયા જવાનો જીવના જોખમે સરહદોની સુરક્ષા કરતાં કરતાં ક્યારેક કુદરતી આફતને લીધે મહામૂલી જિંદગી ગુમાવે છે તે મુદ્દે ભારત સરકારે અને સેનાએ ગંભીર વિચારવિમર્શ કરવાની જરુર છે. પાક સંરક્ષણ મંત્રી દ્વારા આ મુદ્દે કરાયેલ સૂચનનો અમલ થઈ શકે એમ નથી. સિયાચીન જેવી મહાપરાક્રમ પછી સાચવી લીધેલી વ્યૂહાત્મક જગ્યા પરથી સૈન્ય હટાવી દેવામાં આવે તો પાકિસ્તાન અને ચીન જેવા દુશ્મનો પાડોશીઓ એમની બદદાનત પાર પાડવા સક્રિય બનશે એમાં શંકાને સ્થાન નથી. પરંતુ આવી જોખણી ચોકીઓ પર ફરજ બજાવતા આપણા બહાદુર જવાનોની સુરક્ષા માટે હજુ ઘણુંબધું કરવાનું બાકી છે.

## મહાત્મા ગાંધીનું 'હિંદ સ્વરાજ' મૂરખ માણસની કૃતિ!



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

વિશ્વના મહામાનવ ગાંધીની વાત કરીએ ત્યારે હંમેશા એક લખનાર તરીકે જવાબ આપનાર તરીકે યાદ કરવા પડે. જીવનભર ગાંધીએ લખ્યું છે. ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' જેમ દુનિયાભરમાં જાણીતું છે તેમ હિંદ સ્વરાજ પણ ખૂબ વખણાયેલું અને વંચાયેલું પુસ્તક છે. 'હિન્દ સ્વરાજ' ન તો ગાંધીએ ટેબલ ખુરશી પર બેસીને લખેલું છે કે પલંગ ઉપર બેસીને કે જમીન પર બેઠક જમાવીને લખ્યું છે, ગાંધીજીએ વિમાન પ્રવાસ તો કર્યો જ ન હતો એટલે વિમાનમાં લખાયું હોય એ શક્ય જ નથી. હા, ગાંધીએ જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ આજીવન કર્યો હતો પરંતુ જાહેર વાહન સેવાના રેલવે કે બસમાં પણ તેમણે આ પુસ્તક લખ્યું નથી. ૧૯૦૮માં તેઓ જયારે વિલાયતથી પાછા ફરતા આગબોટમાં બેસીને આ પુસ્તક લખ્યું છે.

વિલાયત નિવાસ સમયે હિંસક સાધનોમાં વિશ્વાસ ધરાવતાં કેટલાંક હિંદીભાઈઓ સાથે તેમને જે ચર્ચા થતી હતી તે પરથી આ પુસ્તક લખાયું હતું. તેમણે આ પુસ્તક ગુજરાતીમાં જ લખ્યું હતું. 'ઈન્ડિયન ઓપિનિયન' સાપ્તાહિકમાં એની લેખમાળા સ્વરુપે પ્રસિદ્ધ થઈ હતી. એ પછી તે પુસ્તકાકારે છપાયું. તત્કાલીન અંગ્રેજી મુંબઈ સરકારે જે જપ્ત કર્યું હતું. અંગ્રેજોએ આ પુસ્તકથી બળવો થશે એવી ભીતિએ જપ્ત કર્યું હતું. મુંબઈ સરકારના પુસ્તક જપ્તીના હુકમની સામે ગાંધીજીએ તેમના અનુયાયી મિ. કેલનબેક માટે એ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ કર્યો હતો.

**અંગ્રેજ સન્નારીને આપેલા વચન મુજબ ગાંધીજીએ પુનઃમુદ્રણમાં એક શબ્દ દૂર કરેલો**

ગોપાલકૃષ્ણ ગોખલેજીએ તેઓ જયારે ૧૯૧૨માં દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે તેમણે અંગ્રેજી અનુવાદ જોયો. જેમાં તેમને આ લખાણ એકદમ અણઘડ અને તેમાં વ્યક્ત થયેલા વિચારો ઉતાવળે બાંધેલા લાગ્યા. અને ગોખલેજીએ એવું ભવિષ્ય ભાખ્યું કે ગાંધીજી હિંદમાં એક વરસ રહ્યા પછી જાતે જ બે પુસ્તકનો નાશ કરશે. જો કે ગાંધીજીની એ ભવિષ્ય વાણી સાચી પડી નથી. અલબત્ત ગાંધીજીએ ૧૯૨૧માં આ પુસ્તક વિશે લખતાં કહેલું :

તે દ્વેષધર્મની જગ્યાએ પ્રેમધર્મ શીખવે છે; હિંસાને સ્થાને આપભોગને મૂકે છે. પશુબળની સામે ટક્કર ઝીલવા આત્મબળને ખડુ કરે છે. ૧૯૦૮માં જે લખાયું હતું. મારી જે પ્રતીતિ તેમાં પ્રગટ કરી છે તે આજે અગાઉના કરતાં વધારે દૃઢ થયેલી છે. આ પુસ્તકમાં આધુનિક સુધારાની સખ્ત ઝાટકણી કાઢવામાં આવી છે.

આ સમયે ગાંધીજી પુસ્તકમાંથી માત્ર એક જ શબ્દ રદ કરે છે. ઈંગ્લેન્ડની પાર્લામેન્ટ પાર્લામેન્ટસ્‌ની પર પાર્લામેન્ટ એવું બહુમાન ધરાવતી હતી. ૧૯૦૮માં હિન્દ સ્વરાજ પુસ્તક લખતી વખતે ગાંધીજીએ પાર્લામેન્ટને 'વેશ્યા' તરીકે ઉલ્લેખી હતી. એક અંગ્રેજ સન્નારીએ આ શબ્દ સામે નારાજગી વ્યક્ત કરી હતી. આને ધ્યાનમાં લઈને ૧૯૨૧માં 'હિંદ સ્વરાજ'ના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના લખતાં ગાંધીજીએ એ શબ્દ સુધારી લેવાની તક લીધી. ગાંધીજી પ્રસ્તાવનામાં નોંધે છે : આ વખતે આ પુસ્તક એમને એમ પ્રકાશિત કરવું આવશ્યક સમજું છું પણ આમાં મારે કંઈ પણ સુધારવા જેવું હોય તો એક શબ્દ સુધારવા ઈચ્છું છું. એક અંગ્રેજ મહિલા મિત્રને તે બદલવાનું મેં વચન આપ્યું છે. મેં પાર્લામેન્ટને વેશ્યા કહી છે. તે એ બહેનને નાપસંદ છે. તેમનું કોમળ દિલ આ શબ્દના ગ્રામ ભાવથી દુભાયું હતું.

અંગ્રેજી માસિક 'આર્યન પાથ' એ સપ્ટેમ્બર ૧૯૩૮માં 'હિંદ સ્વરાજ' અંક પ્રસિદ્ધ કર્યો હતો. તેમાં મોકલેલા સંદેશામાં ગાંધીજી નોંધે છે : મારે આ પુસ્તક આજે ફરી લખવાનું હોય તો હું કયાંક કયાંક તેની ભાષા બદલું. પણ એ લખ્યા પછીનાં જે ત્રીસ વરસ મેં અનેક ઝંઝાવાતોમાં પસાર કર્યા છે તેમાં મને એ પુસ્તકમાં દર્શાવેલા વિચારોમાં ફેરફારો કરવાનું કંઈ કારણ મળ્યું નથી.

સંદેશાની છેલ્લી લીટીમાં ગાંધી લખે છે ''વાચક મારા એક સ્વર્ગસ્થ મિત્રનો એ અભિપ્રાય પણ જાણે કે આ મૂરખ માણસની કૃતિ છે.''

**(લેખક ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે)**

## ચારિત્ર્ય ઘડતર એ સફળતાની જનની છે



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડો. સંતોષ દેવકર

*''બધી બાબતો અવળી પડતી હોય ત્યારે*
*હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા*
*તે મને શીખવ.*
*કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે*
*ખંતથી તેમા કેમ લાગ્યા રહેવું તે મને શીખવ.''*
*(કુન્દનિકા કાપડીયા)*

નવા વર્ષની પૂર્વ સંધ્યાએ બનેલી એક ઘટના સાંભળો : મારા કમ્પ્યૂટરમાં લેખ તૈયાર કરી લેખને પેન ડ્રાઈવમાં લઈ અન્ય કમ્પ્યૂટરમાં પ્રિન્ટ કાઢવા માટે આપી. કમ્પ્યૂટર ઈન્સ્ટ્રક્ટરે કહયું કે સાહેબ, ફોન્ટ વંચાતા નથી. મેં કહયું કેમ? તો કહેકે આ કમ્પ્યૂટરમાં ફોન્ટ ઈન્સ્ટોલ થયેલા નથી. પહેલા ફોન્ટ ઈન્સ્ટોલ કરવા પડે પછી જ તમારો લેખ સ્કીન પર વાંચી શકાશે. અને પ્રિન્ટ પણ નિકળશે. ઘટના અહીં પૂરી થાય છે. અને મારા મનમાં વિચારોની ઘટમાળ શરૂ થાય છે. કમ્પ્યૂટરમાં ઈન્સ્ટોલ થયેલું હોય તો જ સ્કીન પર વંચાય કે દેખાય, નહિ તો નહિ જ.

જીવનમાં કેટલીય એવી બાબતો છે જે ઈન્સ્ટોલ ન થવાને કારણે વર્તનમાં દેખાતી નથી. વિનય, વિવેક, પરિશ્રમ, આદર , સદ્‌ભાવ, મદદરૂપ થવાની ભાવના, આત્મવિશ્વાસ, પ્રેમ અને સહાનુભૂતિ વગેરેને ઈન્સ્ટોલ કરવી પડે. મનની હાર્ડ ડિસ્કમાં આ બાબતો ઈન્સ્ટોલ કરેલી હોય તો જ (સ્કીન પર ) માનવીના વર્તનમાં જોઈ શકાય છે.

દરેક યુવાનને સફળ થવું છે સ્કીન ઉપર બધા તેને વાંચે- સમજે તેવું તે ઈચ્છે છે. તેની બોલબાલા હોય, ચારેતરફ તેની ચર્ચા થાય તેવું ઈચ્છવું છે. દરેક યુવાનની આવી ઈચ્છા હોવી સ્વાભાવિક છે.

**શરત માત્ર એટલી જ છે કે આ બધી બાબતો તેણે પ્રથમ ઈન્સ્ટોલ કરવી પડે છે, પોતાના મનરૂપી હાર્ડ ડિસ્કમાં પરિશ્રમ એજ પારસમણિ ને ફીટ કરવું પડે, વિવેક અને સદ્‌ભાવને ઈન્સ્ટોલ કરવા પડે, હૃદયના ફ્લોર પર પ્રેમ અને લાગણીઓને અંકુરિત થવા દેવી પડે અને જો બધું જ કરવામાં ધીરજ ને ઈન્સ્ટોલ કરવાનું જો ભૂલી જવાય તો તો પછી બધું જ નકામું**

શરત માત્ર એટલી જ છે કે આ બધી બાબતો તેણે પ્રથમ ઈન્સ્ટોલ કરવી પડે છે. પોતાના મનરૂપી હાર્ડ ડિસ્કમાં પરિશ્રમ એજ પારસમણિ ને ફીટ કરવું પડે, વિવેક અને સદ્‌ભાવને ઈન્સ્ટોલ કરવા પડે. હૃદયના ફ્લોર પર પ્રેમ અને લાગણીઓને અંકુરિત થવા દેવી પડે અને જો બધું જ કરવામાં ધીરજ ને ઈન્સ્ટોલ કરવાનું જો ભૂલી જવાય તો તો પછી બધું જ નકામું.

શરૂઆત બાળપણથી થતી હોય છે. એ તેના સંસ્કાર ઘડતરનો પાયો છે. વિજયી બનવાની મહત્વાકાંક્ષા બધાની હોય તે માટેની પૂર્વ યોજના અને તૈયારી ખૂબ ઓછા લોકો કરતાં હોય છે.

પોતાના સ્કીનને તરોતાજા રાખવા માટે દુનિયા સાથે કદમ મિલાવતા યુવાનો પોતાનો સ્વતંત્ર ચીલો ચાતરતા હોય છે. સફળતાના શિખરે બેસવા પુરુષાર્થ કરનારા કેટલાક યુવાનો પોતાની યોજના આ પાંચ બાબતોને આધારે કરતાં હોય છે.

● ધ્યેય નકકી કરે છે :

મારે કયાં પહોંચવું છે ? શું બનવું છે ? તે માટે પ્રથમ પોતાનું લક્ષ્ય નકકી કરે છે. ધ્યેય સ્પષ્ટ હોય તો મંઝિલ મળતા વાર નથી લાગતી. નિશાનચૂક માફ નહિ માફ નીચું નિશાન.

● આયોજન કરે છે :

ધ્યેય સુધી પહોંચવા માટે કયા રસ્તે જવું, કયા સાધનો જોઈશે, શું શું ઉપયોગમાં લઈશું. કોણ કોણ ઉપયોગી થશે, કેટલા સમય અને શકિતની જરૂર પડશે. વગેરે બાબતોનું આયોજન કરે છે. આયોજન એ બૌધ્ધિક પ્રક્રિયા છે, વ્યવસ્થિત કાર્યો કરવા માટે પૂર્વ વિચારણા જરૂરી છે.

● તે પુરુષાર્થ કરે છે :

પુરુષાર્થ વગરનું પ્રારબ્ધ નબળું છે. સફળતાનો પાયો જ પુરુષાર્થ છે. કોઈકે પૂછયું કે પુરુષાર્થનો વિકલ્પ શું ? જવાબ મળ્યો : સખત પુરુષાર્થ. મહેનતને માંડવે જ સફળતાના તોરણો બંધાય છે.

● દૃઢ આત્મવિશ્વાસનો માલીક :

આત્મવિશ્વાસ વગર તો પાણી પણ પી શકાતું નથી. સફળતાને ચાહનારો યુવાન હંમેશા આત્મવિશ્વસથી ભરપૂર હોય છે. આત્મવિશ્વાસ વગરનો યુવાન બાવીસ વર્ષનો હોય તો પણ તેને વૃધ્ધ જાણવો.

● અસરકારક રજૂઆત :

રજૂઆતની અસરકારકતા સફળતાની ગુરુ ચાવી છે. તેની રજૂઆત સ્પષ્ટ, મુદાસર, વેધક અને આકર્ષક હોય ત્યારે સફળતા માટે કરેલો દાવો શકય બને છે. આ કિસ્સામાં અન્યને સમજાવવાની વાત આવે ત્યારે તેનું મહત્ત્વ અને મહેનત વધી જાય છે. રજૂઆતમાં પરિશ્રમ, સમજદારી અને વિશિષ્ટતાની સુગંધ મહેંકવી જોઈએ.

સમાજમાં હરતાં-ફરતાં તમને કેટલાક ''કંપની ફોલ્ટ ''જોવા મળે ત્યારે ચોકકસ માનજો કે કેટલીક અગત્યની બાબતો તેના મન - હૃદયમાં ઈન્સ્ટોલ કરવાની રહી ગઈ છે. નાની ઉંમરમાં જ બાળકોમાં સંસ્કાર સિંચન કરવાનું રહી જાય છે ત્યારે મોટી ઉંમરે ઘરડા ઘરનો જન્મ થતો હોય છે. ગાંધીજીએ મન-હૃદયની કેળવણી પર ભાર મૂકેલો. મન અને હૃદયની કેળવણી આપવાનું ચૂકી જવાય છે ત્યારે વિદ્યાલયોને બદલે જેલો તૈયાર કરવી પડે છે. અનાથાશ્રમોને વૃધ્ધાશ્રમોના શિલાન્યાસ કરવાં પડે છે.

આ સંદર્ભે વિવેકાનંદજી સાચું જ કહેતા : કેળવણીનો સાચો મર્મ જ ચારિત્ર્ય ઘડતર છે. તમામ સંસ્કારોનું મન-હૃદયમાં ઈન્સ્ટોલ થવું એટલે જ ચારિત્ર્ય ઘડતર થવું. જે યુવાનનું ચારિત્ર્ય ઘડતર થયેલું હોય. તેનું દરેક કાર્ય સફળ. તેની યોજનાઓ સફળ. તેના પ્રત્યેક પ્રોજેકટ સફળ. હૃદયની ડિસ્ક પર ઈન્સ્ટોલ થયેલ સદ્‌ગુણોનો સમૂહ એટલે ચારિત્ર્ય.

ચારિત્ર્ય ઘડતર એ સફળતાની જનની છે.

મિસરી

''સમયને બરબાદ કરો
બીજું બધું આપોઆપ
બરબાદ થઈ જશે.''
**(રતિલાલ 'અનિલ')**

## હસવું - રોવું કેવી રીતે થાય છે : રાત્રિ તિમિર ભીંજવે છે નયનો જેમ પ્રાતઃ કાળનાં!



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્ત સંચય

● ગાંધીનગર સાહિત્ય અકાદમી અને અરવિંદભાઈ મણિયાર પુસ્તકાલય, રાજકોટના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭.૧.૨૦૧૬ રોજ, રાજકોટ ખાતે 'શબ્દસૃષ્ટિ વ્યાખ્યાનમાળા' અંતર્ગત જાણીતા સાહિત્યકાર સર્જક મધુરાયનું 'વાર્તામાં નાટ્યકલા અને નાટકમાં વાર્તા કલા' વિષય પરનું વકતવ્ય યોજાઈ ગયું જેમાં ભૂમિકા ડૉ. નીતિન વડગામાએ બાંધી હતી અને મંત્રી પ્રવીણ રૂપાણીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મધુરાયે જણાવ્યું હતું કે, નાટક અને વાર્તા બંનેમાં આદિ, મધ્ય અને અંત એમ ત્રણ બાબતો અતિ મહત્વની છે. તેમણે આ અંગેની પ્રશ્નોત્તરી દરમિયાન ભાવકોને ઉત્તરો આપીને તથા અંગ્રેજી નાટકો અને વાર્તાઓ વિશે રસપ્રદ અને મનનીય વાતો કરી, સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. અધ્યક્ષીય પ્રવચન ડૉ. નિરંજન પરીખે આપ્યું હતું. જયારે કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. નીતિન વડગામાએ કર્યા હતા.

● માનવ સંશાધન વિકાસ મંત્રાલય, દિલ્હીના કેન્દ્રિય હિન્દી સંસ્થાન દ્વારા આગ્રા ખાતે તાજેતરમાં 'હિન્દી અને પ્રમુખ જનજાતીય ભાષાઓ' પર દ્વિદિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજાઈ ગયો.

આ સેમિનારના પ્રથમ દિવસે ઉદ્‌ઘાટન સમારોહમાં સંસ્થાના નિર્દેશક નંદકિશોર પાંડેય અધ્યક્ષસ્થાને અને જાણીતા ભાષા વૈજ્ઞાનિક ડૉ. ધર્મદેવ તિવારી (આસામ) મુખ્ય અતિથિ અને ત્રિભુવનનાથ શુકલ ખાસ અતિથિ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. પરમલાલ આહિરવાલે સ્વાગત પ્રવચન કર્યું હતું અને કાર્યક્રમની ભૂમિકા બાંધી હતી. આ સેમિનારમાં ગાંધીનગર જાણીતા સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા 'પૂર્વોત્તર ભારતની જનજાતીય ભાષાઓના વિકાસમાં હિન્દીની ભૂમિકા' અને 'માન્ય ગુજરાતી ભાષા અને તેની પ્રમુખ બોલીઓ' વિષયે અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપ્યા હતા. આ સેમિનારની બીજી બેઠકમાં તેઓ અધ્યક્ષ સ્થાને હતા, જેમાં પી.કે. શર્મા, ડૉ રાખી મિશ્ર બનારસ, ડૉ. મિલનરાની જમાતિયા (ત્રિપુરા), ડૉ. બીના દેવવર્મા (ત્રિપુરા) તથા ડૉ. લુઈસ હઉનાર (મિઝોરમ) દ્વારા વકતવ્યો રજૂ કરાયા હતા જેની સમીક્ષા ડૉ. કનૈયાલાલ ભટ્ટે કરી હતી. ડૉ. રાજબલી પાઠક (આગ્રા) થુન્બુઈ જેલિયાંગ (નાગાલેન્ડ) કિશોર રાય (સિક્કિમ) અને પ્રો. ચંદા બૈન વિગેરેએ વ્યાખ્યાનો આપ્યા હતા અને ડૉ. રાજવીર સિંગે સમગ્ર સેમિનારનું સંચાલન કર્યું હતું પ્રો. હરિશિંકરે આભારવિધિ કરી હતી.

ડૉ. કનૈયલાલને આંતરરાજય ક્ષેત્રેની કામગીરી એક મોટી સિદ્ધિ ગણી શકાય, જે ગાંધીનગર માટે અને ગાંધીનગર સાહિત્ય સભા માટે ગૌરવની વાત છે. તેઓને સાહિત્યસભા પરીવાર તરફથી અંતરના ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ...

● સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત નેશનલ લૉ. યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે, 'વંચિતોના સાહિત્ય પર ડૉ. બાબા સાહેબ આંબેડકરની વિચારધારાનો પ્રભાવ' વિષયક દ્વિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ તા. ૩૦-૩૧ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ભાઈજીપુરા પાટિયા, કોબા સર્કલ, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો, જેમાં ઉદ્‌ઘાટક અધ્યક્ષ તરીકે મહામહિમ રાજયપાલ (બિહા) રામનાથ કોવિંદ અને રમણલાલ વોરા માન. મંત્રી સા.ન્યાય અને અ.વિ.ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તથા મુખ્ય અતિથિ તરીકે ડૉ. વિજય સોનકર શાસ્ત્રી અને યશવંત મનોહર અને અતિથિ વિશેષ તરીકે રઘુવીર ચૌધરી, ગુણવંત શાહ અને ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના નિયામક બિમલ પટેલ હાજર રહ્યા હતા.

આ દ્વિદિવસીય પરિસંવાદમાં એક થી સાત સત્રમાં અલગ અલગ મહાનુભાવો દ્વારા આંબેડકરવાદી સાહિત્ય વિશે મંતવ્યો આપવામાં આવ્યા હતા.

જેમાં હિન્દી આંબેડકરવાદી સાહિત્ય : વિદ્રોહી મુદ્દાઓ, મરાઠી આંબેડકરવાદી સાહિત્ય અને પરિબદ્ધતા, પંજાબી આંબેડકરવાદી સાહિત્ય : સામાજિક, રાજયનૈતિક પરિપેક્ષ્ય, ભારતીય નાટકમાં આંબેડકરવાદી વિચારધારા, આંબેડકરના સંદર્ભમાં ગુજરાતી વંચિતોનું સાહિત્ય, ગુજરાતી આંબેડકરવાદી સાહિત્યમાં નારી, વર્ચસ્વવાદીઓનો પડકાર : આંબેડકરવાદી કવિતાનો અવાજ, પંજાબી આંબેડકરવાદી સાહિત્ય, આંબેડકરવાદી સાહિત્યમાં જાતિ અને લિંગનો વિધ્વંસ, ગુજરાતી આંબેડકરવાદી વાર્તાઓ : વિશિષ્ટ લાક્ષણિકતાઓ, બંગાળી આંબેડકરવાદી સાહિત્ય, ગુજરાતી વંચિતોનું સાહિતય અને સંચેતના, ગુજરાતી આંબેડકરવાદ કવિતા અને નારીવાદ, ગુજરાતી આંબેડકરવાદી સાહિત્ય અને રેશનાલિઝમ વિષે વકતવ્યો આપ્યા હતા.

ગુજરાતના મહામહિમ રાજયપાલ ઓ.પી.કોહલીના અધ્યક્ષસ્થાને સમાપન સમારોહ ઉજવાયો હતો, જેમાં મુખ્ય મહેમાન તરીકે માન. મંત્રી રમણલાલ વોરા, વિશેષ ઉપસ્થિતિ નરેન્દ્ર જાદવની હતી જયારે અતિથિ વિશેષ બિમલ પટેલ, ભાગ્યેશ જહા અને ડૉ. પી.જી.જયોતિકર હતા. મહામહિમ રાજયપાલએ જણાવ્યું હતું કે દલિત સાહિત્ય જ્ઞાતિ, જાતિના આધારે નહીં પરંતુ મનુષ્યનું સાહિત્ય છે. દલિત સાહિત્યના કેન્દ્રસ્થાને મનુષ્ય છે, જેથી આ સાહિત્યમાં આક્રોશ અને વ્યંગ જેવાં રુપ જોવા મળે છે. આ સાહિત્ય સામાજિક ન્યાયનું સાહિત્ય છે.

**દધિ બિન્દુ**

'કાગડાની કાળાશ અને તેના કર્કશ અવાજ તરફ ન જોતા, તેની ચકોરતા અને સમય-સૂચકતાને જીવનમાં ચાતરીએ.'

**દધિ હાઈકુ**

વસંતટાણે
ઝૂલે કર્ણફૂલશી
મંઝરી આંબે!

લિપી અકળ,
ગહન છે નેણની;
ન ઉકેલાય!

પ્રતિબદ્ધતા
સમાજોત્કર્ષનીએ
ઉચ્ચારણ!

**દધિ તાન્કા**

હસવું-રોવું
કેવી રીતે થાય છે :
રાત્રિ તિમિર
ભીંજવે છે નયનો
જેમ પ્રાતઃ કાળનાં!

અંધકારની
વહેતી એ નદીમાં,
ડૂબકી મારી,
તરી રહ્યો છે ચાંદ;
કયાં મોતી પામવાને!

- muljibhaidadhi@gmail.com